**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૦૨/૨૦૧૮ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૨૦/૧૮**

**ચીખલીગર ગેંગના એક સાગરીતને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી અમદાવાદ શહેર તેમજ અન્ય જીલ્લાઓના ૩૦ જેટલા ઘરફોડ ચોરીઓના ગુનાઓનો ભેદ ઉકેલતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર**

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ, ક્રાઇમ બ્રાન્ચ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબ સાયબર ક્રાઇમ સેલ તેમજ એ.સી.પી.શ્રી સી.એન.રાજપુત સાહેબ નાઓએ ઘરફોડ ચોરીના ગુના શોધી કાઢવા સુચના આપેલ હોય પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એસ.ગેડમ સાહેબ, સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ. શ્રી ડી.જે.જાડેજા, તથા પો.સ.ઇન્સ.શ્રી પી.સી.સીંગરખીયા તથા પો.સ.ઇન્સ.શ્રી બી.બી.સોલંકી, તથા પો.સ.ઇન્સ.શ્રી એસ.એસ.નાયર નાઓ સ્ટાફના માણસો સાથે ઘરફોડ ચોરીના ગુના શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. સરફરાજ ઇસ્માઇલભાઇ તથા પોકો ભગીરથસિંહ જટુભા નાઓને મળેલ બાતમી હકિકત આધારે આરોપી સોનુસીંગ ગુરૂદેવસીંગ બાવરી ઉવ૨૭ રહે. હાલ ગામ.ખરોડ દવાખાના પાસે તા.જી.અંકલેશ્વર ભરૂચ તથા રહે: નળીયાવાળી ચાલી, જોગણીમાતાના મંદિર સામે નવા વાડજ ચોકીની પાછળ રામાપીરનો જુનાવાડજ અમદાવાદ તથા તેની સાથે એક કાયદાના સંઘર્ષમાં આવેલ સ્ત્રીરને એક એકટીવા.નંબર વગરની જેની કી.રૂ. ૧૫,૦૦૦/- સાથે પકડી પાડી સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરેલ છે

જે આરોપીની પુછપરછ કરતા મળેલ માહિતી મુજબતેમની ગેંગ ઘણા સમયથી કાર્યરત છે અને તેઓ બંને તેમજ તેઓના અન્ય સાગરીતો સાથે મળી અમદાવાદ શહેર તેમજ ગુજરાત રાજ્યના અલગ અલગ જીલ્લાઓમાંથી ચોરીઓ કરેલ છે અને સદરી પાસેથી મળી આવેલ એકટીવા તેણે નારણપુરા વિસ્તારમાંથી ચોરી કરેલ અને આ એક્ટીવા તેમજ અન્ય ચોરી કરેલ વાહનોનો ઉપયોગ કરી તેણે અમદાવાદ શહેરમાં તેમજ અન્ય જીલ્લાઓમાંથી આશરે ૩૦ જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓ આચરેલ છે. પકડાયેલ સોનુસિંગ ચીખલીગર પોતે ગમે ત્યાંથી વાહન ચોરી કરી લઇ તે વાહનનો ઉપયોગ કરી ઘરફોડ ચોરીઓ કરતો હતો અને કામ થઇ ગયા બાદ તે વાહનને કોઇ પણ જગ્યાએ બીનવારસી મુકી દેતો હતો.

આ સોનુસિંગ ચીખલીગર અગાઉ પણ આવા ઘરફોડ તેમજ અન્ય ચોરીઓના ૩૦ ગુનાઓ આચરી ચુકેલ છે અને તેમાં તે પકડાઇ ચુકેલ છે તેમ છતાં જેલમાંથી છુટ્યા બાદ તેણે પોતાની આવી પ્રવૃતિ ફરીથી ચાલુ કરી દિધેલ છે.

આ બંને જણાઓએ મળી ગુજરાતમાં અમદાવાદ શહેરમાં– ૧૨ તેમજ ભરૂચ જીલ્લામાં ૧૪ તેમજ વાહન ચોરી નો – ૧ ગુનો તેમજ શરીર સંબંધી ગુના– ૨ મળી ૨૯ ગુનાઓ આચરેલ છે. જેથી સદરી આરોપીને પકડી પાડી આ બાબતે અન્ય કોઇ જગ્યાઓએ તેણે ચોરી કરેલ છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરેલ છે અને આરોપીની વધુ તપાસમાં ઘણી બધીઘરફોડ તેમજ વાહન ચોરીઓના ગુનાઓ શોધાય તેવી શક્યતા રહેલ છે.

**<u>સને ૨૦૦૫ માં મર્ડરના ગુનામાં પકડાયેલ અને આજીવન કેદની સજા પામેલ પેરોલ જમ્પ આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી.ના પો.સ.ઇ.શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રીજે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મસઇ જયેશભાઇ ભીખાભાઇ તથા મસઇ રઘુભાઇ વિઠ્ઠલભાઇ નાઓની સંયુકતબાતમી હકીકત આધારેલાંભા ટર્નિંગ પાસે બસ સ્ટેન્ડ પાસેથીઆરોપી દિલીપભાઇ નાથાભાઇ મકવાણા રહે, ૧૦૦૭/૨, ઇન્દીરાનગર વિભાગ-૨ લાંભા ગામ તા.દસક્રોઇ જી. અમદાવાદ વાળાને ઝડપી લેવામાં આવેલ સદરી ઇસમની પુછપરછ કરતાં સને ૨૦૦૫ માં ખુનના ગુનામાંશાહપુર પોલીસ સ્ટેશનમાં પકડાયેલ અને આ ગુનામાં સાબરમતી સેન્ટ્રલ જેલમાં ગયેલ અને તા.૧૬/૧૨/૨૦૧૭ના રોજ દિન-૩૦ ની પેરોલ રજા મેળવેલ જે પેરોલ રજા પુરી થયા બાદ તા.૧૬/૦૧/૨૦૧૮ ના રોજ જેલમાં હાજર નહી થઇ પેરોલ રજા ઉપરથી જમ્પ કરી નાસતો ફરતો હતોની હકીકત જણાવેલ. જેથી સદરી આરોપીને આજરોજ તા.૧૫/૦૨/૨૦૧૮ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. આ આરોપી સને ૨૦૦૩ માં અગાઉ વટવા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીમાં પકડાયેલ છે

**<u>વાસણા પોલીસ સ્ટેશનઃ-</u>**



છેતરપીંડી ના ગુનાના વોન્ટેડ આરોપીને શોધી કાઢી ગુનાનો ભેદ ઉકેલતી વાસણા પોલીસ

ગઇ તા.૭/૧૧/૨૦૧૭ ના બપોરના બે વાગ્યાથી તા.૮/૧૧/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાનમાં વાસણા, ગોદાવરી ખાતે આવેલ શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપુજક દેરાસરમાં સેવા આપતા દિપ્લવભાઇ યતિતભાઇ શાહ રહે : શિતલ એપાર્ટમેન્ટ, ગોદાવરી વિ-૧, વાસણા અમદાવાદ નાઓએ દેરાસરના પુજારી ઇશ્વરલાલ ડિતેશિંગ સિસોદિયા નો વિશ્વાસ કેળવી દેરાસરમાં ભગવાનના આભુષણો તથા બીજી નાની મોટી ચાંદીની તથા તાંબાની વસ્તુઓ મળી કુલ કિ.રૂ.૧૫,૧૦,૦૦૦/ ના મતાની ચીજ વસ્તુઓ રિપેરીંગ કરવાના બહાને દિપ્લવભાઇ યતિતભાઇ શાહ નાએ કમીટિ સંઘના ટ્રસ્ટીની કોઇપણ પ્રકારની મંજુરી મેળવ્યા સિવાય લઇ જઇ વિશ્વાસઘાત છેતરપીંડી કર્યા અંગેની તા.૨૩/૧૧/૨૦૧૭ ના રોજ ફરિયાદી શ્રી સુપેન્દ્ર હિંમતલાલ શાહ રહે : સી/૨૪, દિપ એપાર્ટમેન્ટ, આર.સી.પટેલ સ્કુલની બાજુમાં, વાસણા અમદાવાદ નાઓએ ફરિયાદ આપતા વાસણા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૭૯/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૧૧, ૧૧૪ મુજબનો ગુનો નોંધાવેલ જે ગુનાનો આરોપી દિપ્લવભાઇ યતિતભાઇ શાહ ની હકિકત મેળવી ગુનો શોધી કાઢવા માટે મહે.પોલીસ કમિશ્નર શ્રી તથા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, એમ-ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન તેમજ પોલીસ ઇન્સપેક્ટર શ્રી એચ.બી.ચૌધરી, વાસણા પોલીસ સ્ટેશન નાઓએ સુચના આપેલ જે આધારે આરોપીની હકિકત મેળવી સદર ગુનાનો મુખ્ય સુત્રધાર નાસતો ફરતો વોન્ટેડ આરોપી દિપ્લવભાઇ યતિતભાઇ શાહ ને શોધી કાઢી તા.૧૩/૦૨/૨૦૧૮ ના કલાક ૧૮/૦૦ વાગે ગુનામાં અટક કરી છેતરપીંડી નો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## સુરક્ષા સેતુ રથ:

પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી પાલડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










## નારોલ પોલીસ સ્ટેશનઃ-

**ચોસરગામમાં જાહેરમાં જુગાર રમતા સાત ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે રૂપિયા-૧,૪૭,૨૬૦/-નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ**

તા- ૧૪/૨/૨૦૧૮ ના રોજ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એજાદવ તથા પો.સબ.ઈન્સ એ.જી.બ્રિંદ તથા પો.કો. હિંમતલાલ મથુરામભાઇ બ.ન.-૪૧૧૪ તથા અ.પો.કો નિલેશ ગિરીશભાઇ બ.ન.-૧૫૧૮ તથા પો.કો. વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.ન.-૯૯૩૪ તથા અ.પો.કો. જયેન્દ્રસિંહ વજેસિંહ બ..નં-૯૯૯ નાઓ સાથે નારોલ પોલીસ સ્ટેશનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા કલાક-૦૦/૪૦ વાગે ચોસરગામ પાસે આવતા સાથેના અ.પો.કો હિંમતલાલ મથુરામભાઇ બ.ન.-૪૧૧૪ તથા અ.પો.કો નિલેશ ગિરીશભાઇ બ.ન.-૧૫૧૮ નાઓ બન્નેની સંયુક્ત બાતમી આધારે ચોસરગામમા હવાડાની બાજુમા મોબાઇલ ફોનની લાઇટના અજવાળે ખુલ્લી જગ્યામા જાહેરમાં પૈસા પાનાથી જન્ના મન્નાનો હારજીતનો જુગાર રમી રમાડી આરોપીઓ ધર્મેશ ભુપેન્દ્રભાઇ ઠાકોર ઉ.વ-૨૫ રહે-ગામ ચોસર તા-દસ્ક્રોઇ જી-અમદાવાદ+૬ =૦૭ નાઓને પકડી તેઓની અંગ જડતીના કુલ રૂપિયા-૨૫૬૧૦/૦૦ તથા દાવના રૂ-.૬૫૦/૦૦ તથા ગંજીપાના નંગ ૫૨ કિં.રૂ ૦૦/૦૦ તથા મળી આવેલ મોબાઇલો ની કિંમત રૂપિયા-૧૬,૦૦૦/ તથા મળી આવેલ વાહનોની કુલ કિંમત-૧,૦૫,૦૦૦/મળી કુલ્લે રૂપિયા-૧,૪૭,૨૬૦/૦૦ ના મુદ્દામાલ સાથે પકડાઇ ગયેલ હોય જે બાબતે નારોલ પોલીસ સ્ટેશન સે. ગુ ર નં. ૩૦૨૦/૨૦૧૮ ધી જુગારધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.